## જૈનસંઘ અને સંઘયાત્રા

### જૈનસંઘ

થંભતીરથ વરઠામ, મંગલ ગુણિ અભિરામ,
ચતુર્વિધ સંઘ સોહાવઈ ઉચ્છવસ્યઉં મન ભાવઈ

ઐ. રા. સં. ભા. ૧, પૃ. ૩૧

ખંભાતના જૈનધર્મના સમુદાયને સંઘ નામ આપવામાં આવે છે અને તેના મુખ્ય પ્રમુખને 'સંઘવી' કહેવામાં આવે છે.

ખંભાતનો જૈનસંઘ ઘણો વિશાળ, વિવેકી, સંપત્તિવાન, ધર્મપરાયણ, દયાળુ અને ઐકયવાળો હતો. આચાર્યોને ભક્તિભાવપૂર્વક નિમંત્રણ કરવાં; પ્રવેશોત્સવ કરાવવો; તેઓશ્રીનાં વ્યાખ્યાનોનો પ્રબંધ કરવો; વળી આચાર્યશ્રીના ઉપદેશાનુસાર યોગ્ય ધર્મકાર્યો કરવાં; ધર્મના પ્રચાર માટે પુસ્તકો છપાવવાં વગેરે અનેક બાબતો તે સંઘવી કરતા.

જ્યારે સલખણપુરનો કોચરશાહ ખંભાત આવ્યો ત્યારે ચૌદશનો દિવસ હતો. સઘળો સંઘ સુમતિસાધુનું વ્યાખ્યાન શ્રવણ કરતો હતો. આ સઘળા સંઘને જોઈને કોચરશાહને મનમાં ઘણો આનંદ થયો.

'ખંભાયતિનઉ દેખિ સંઘ કોચર મનમાં વાધ્યો રંગ' સઘળા સંઘે કોચરશાહને પોતાનો મહેમાન ગણીને તથા સ્વધર્મી જાણીને તેને બહુ આદરપૂર્વક અગ્રસ્થાને બેઠક આપી. આ શું દેખાડે છે? કેટલો બધો વિવેક! એક અજાણ્યા માણસને આદરપૂર્વક ધનસંપત્તિઓ ધનના ગર્વ-રહિત થઈ આગળ બેસાડે એ વિવેકની શ્રેષ્ઠતા છે.

લોકો પણ સંઘનું બહુ સારું માન સાચવતા. સોમસી મંત્રી અને તેની પત્ની ઈંદ્રાણી ઉત્સવ કરે છે અને રાયમલ્લને શ્રી સમરચંદ્ર પાસે દીક્ષા લેવરાવે છે તે વખતે સોમસી મંત્રી સઘળા સંઘને મેળવે છે. અને સંઘને વિનંતી કરી કાર્યનો આરંભ કરે છે.

સત્તરમા સૈકામાં મોગલ સમ્રાટ અકબર સૂરીશ્વર શ્રી હીરવિજય સૂરિને પોતાની પાસે આગ્રે નિમંત્રણ કરે છે; તે ફરમાન લઈ અમદાવાદનો સંઘ ગાંધારમાં રહેલા સૂરિજીને બતાવા જાય છે. આ વખતે ખંભાતના સંઘને પોતાની સાથે લઈ જાય છે. તે વખતના ખંભાતના સંઘના આગેવાનો સંઘવી ઉદયકરણ પારેખ વજીઆ, પારેખ રાજીઆ, રાજા શ્રીમલ્લ વગેરે તેમની સાથે જઈ મહારાજશ્રીને વંદન કરે છે; સૂરિજી તેમના આગમનથી અત્યંત હર્ષ પામ્યા. પછી સમ્રાટ અકબર પાસે જવાની મંત્રણા કરે છે. કહો; સંઘની કેટલી પ્રતિષ્ઠા! સંઘનો કેટલો ભક્તિભાવ!

પંદરમા, સોળમા સૈકામાં અનેક ધર્મવીરોએ હજારો રૂપિયા ખરચી જુદાજુદા જિનદેવોની પ્રતિમાઓ કરાવી છે; જ્યારે ઘણી વ્યક્તિઓ આવાં ધર્મકાર્ય કરે ત્યારે સમસ્ત સંઘ પણ પોતાનું આવું ધર્મકાર્ય કરવા ચૂકતો નથી. સં. ૧૬૩૨ના વૈશાખ સુદી ૧૩ને શુક્રે ખંભાતના સંઘે શ્રી પંચાસરા પાર્શ્વનાથનું બિંબ કરાવ્યું છે અને શ્રી વિજયસેન સૂરિને હાથે પ્રતિષ્ઠા કરાવી છે.[1]

જિનાલયોની વ્યવસ્થા સંઘદ્વારા થતી; તેના નિભાવ માટે જૈન વ્યાપારીઓ આવતા માલ ઉપર વેરો નાખતા. અને તે દ્રવ્યમાંથી જૈનમંદિરોની વ્યવસ્થા કરવામાં આવતી.[2]

કોઈ સાધુ કે આચાર્ય સ્વર્ગવાસી થાય તો તે પ્રસંગે સઘળો સંઘ સારો સંપ દેખાડી તે પ્રસંગ સારી રીતે ઉજવાતો અને આજે પણ ઉજવાય છે. તેમ કોઈ સૂરિને આચાર્યપદ આપવામાં આવતું તો તે પ્રસંગે સંઘ સારી મદદ કરતો. જેમ કે વિજયદેવ સૂરિને ગચ્છનાયકપદ આપ્યું ત્યારે.

---

૧. જૈ. ધા. પ્ર. લે. સે. ભા. ૨જો, લેખાંક ૫૬૨
૨. ઐ. સ. મા. ભા. ૧લો, પૃ. ૯૩

'ખંભનયર ઉચ્છવ ઘણા વિજયસેન ભલું કીધું રે'
સંઘ સહિત શ્રીવિજયદેવનઈ, ગચ્છનાયક પદ દીધું રે–૧૨
(ઐ. સ. મા. ભા. ૧ લો–પૃ–૭૨)

વળી શ્રી વિજ્યાણંદસૂરિના કાળધર્મ પ્રસંગે–
ધનધન સંઘ ખંભાતનો, કીધું ઉત્તમ કામ રે
બહુ ધન જેણઈ વાવરી રાખ્યું, ત્રિભુવન નામ રે[2]–૪૦

## સંઘયાત્રા

વર્તમાનકાળમાં યાત્રા કરવાને જેવાં સાધનો છે તેવાં સાધનો પહેલાં ન હતાં. ગાડાં, રથ, ઇત્યાદિથી તથા પગરસ્તે ચાલીને યાત્રા કરવામાં આવતી હતી. રસ્તામાં ચોરચખારનો ભય ઘણો રહેતો હતો. જેથી સારા સંઘાત વિના યાત્રાએ જવું એ ઘણું જ જોખમ ભરેલું હતું. ગરીબ માણસોને યાત્રાએ જવું તે તો ઘણું જ દુર્લભ હતું. આવાં કારણોને લીધે ધનાઢ્ય પુરુષો પોતાની લક્ષ્મીનો ઉપયોગ મોટા મોટા સંઘો કાઢવામાં કરતા હતા. હજારો વાહનો તૈયાર કરાવતા, સાધુઓ સાધ્વીઓ તેમાં સાથે રહેતા. થોડેથોડે અંતરે સંઘ વિસામો કરતો. ત્યાં સાધુઓ સદુપદેશ આપતા. રાતીજગા તથા આનંદ ઉત્સવ અને વિવિધ જમણવાર થતા. અત્યંત ભકિતભાવપૂર્વક યાત્રા કરવામાં આવતી. ખંભાતના કવિ ઋષભદાસે હીરવિજયસૂરિરાસ બનાવ્યો છે તેમાં સંઘનું વર્ણન ખૂબ રસિક રીતે આપવામાં આવ્યું છે.

જે ગૃહસ્થ દ્રવ્ય ખરચી સંઘ કાઢતો તે સંઘવી કહેવાતો, ખંભાતમાં પ્રખ્યાત સંઘવીઓ થઈ ગયા છે. સંઘવી ઉદય, પારેખ રાજીયાવજીયા, સોની તેજપાલ, શ્રીમલ્લ સંઘવી ઋષભદાસ વગેરે સત્તરમા શતકમાં થયેલા સંઘવીઓનાં નામ ઘણાં પ્રખ્યાત છે. એવા જ કોઈ સંઘવીના નામ ઉપરથી આજે પણ 'સંઘવીની પોળ' નામે એક મહોલ્લો મોજૂદ છે.

## માર્ગ

સામાન્ય રીતે સાધુ–પુરુષોને વિહાર કરવાનો માર્ગ આ પ્રમાણે હતો. ખંભાતથી કેસારી જતા. ત્યાંથી નાર જતા; ત્યાંથી સોજીત્રા થઈ અમદાવાદ જતા. ઈ. સ. ૧૬૩૮માં આવેલો મુસાફર મેન્ડેલ્સલો અમદાવાદથી પ્રથમ સોજીત્રે બે દિવસે આવ્યો હતો; અને ત્યાંથી ખંભાત આવ્યો હતો.

શ્રી વિજયસેનસૂરિના નિર્વાણ પ્રસંગે—
મહંમુદી સઘલી મીલી આઠ હજાર પ્રમાણ
ષરચી ખંભાયતતણઈ, સંઘઈ જાણ સુજાણો રે–૪૯
(ઐ. સ. મા. ભા. ૧ લો પૃ. ૩૯)

આમ ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં ખંભાતનો સંઘ ઘણો વિવેકી, ઐક્યવાળો અને ધનાઢ્ય હતો. સંઘની ઘણી પ્રશંસાનાં ઘણાં પ્રમાણો છે.

સંઘ વિવેકી ષંભાતિનો, અવસણ જાણી ઉદાર રે
શ્રીપુજ્યનઈ હીતદાયકો, પુણ્યષજીનો ભરઈ સાર રે–૧૪
ઐ. સ. મા. ભા. ૧ લો. પૃ. ૯૪.

તીર્થાધિરાજ શત્રુંજયનો વિ. સં. ૨૦૦૧ પ્રથમ ચૈત્ર સુદી ૩ ને દિવસે નીકળેલો અનુપમસંઘ–સંઘવીશ્રી કેશવલાલ વજેચંદ.

ખંભાતના ધર્મનિષ્ઠ શેઠ કેશવલાલ વજેચંદે વિ. સં. ૨૦૦૧ના પ્રથમ ચૈત્ર સુદી ૩ ને દિવસે ખંભાતમાંથી શત્રુંજયની યાત્રાનો સંઘ કાઢયો હતો. જેમાં ૪૦ સાધુઓ, ૪૫ સાધ્વીઓ, ૧૩૦૦ જેટલાં સ્ત્રીપુરુષો, નવ મોટરો, ૨૦૫ બળદગાડીઓ, ઇલેકટ્રીક ડાયનેમા, પાણીના પંપ, ચાંદીનો મનોહર રથ, ઇન્દ્રધ્વજ, આકર્ષક દહેરાસરજી, અસંખ્ય તંબુઓ, રાવટીઓ, ૩૫૦ જેટલા કાર્યકરો સાથેનો સંઘ નીકળ્યો હતો.

ખંભાતના નવાબ, બરોડા રેસીડેન્સી, વલ્લભીપુરના ઠાકોર, ભાવનગર રાજવી, પાલીતાણાના મહારાજાસાહેબ વગેરે અનેક રાજા તથા અધિકારીઓએ મદદ કરી હતી.

---
૨ ઐ. સ. મા. ભા. ૧ લો પૃ. ૯૩

વિ. સં. ૨૦૦૧ના ચૈત્ર સુદ ૪ ને દિવસે આચાર્યશ્રી વિજયલબ્ધિ સૂરિના હાથે તીર્થમાળા પહેરી હતી.

ગામેગામે નાનીમોટી અનેક સંસ્થાઓને શ્રી કેશવલાલભાઈ મદદ કરતા કરતા ગયા હતા. તેમ તે સંસ્થાઓએ તેમનું સારું સન્માન કર્યું હતું.

આ સંઘમાં ઘણો જ ખર્ચ થયો છે. આ સંઘ પાલીતાણાથી તા. ૧૯-૪-૪૯ના રોજ વિદાય થયો અને તા. ૧૯-૪-૪૯ના રોજ રેલવે મારફતે પાછો આવ્યો હતો. શહેરના ગૃહસ્થોએ તેમનું ભારે સ્વાગત કર્યું હતું.

## જૈન ઉપાશ્રયો અને ધર્મશાળાઓ

'જેણે પૌષધશાળા તે, કરાવી તારી પંડયને,
જેની શ્વેતાંબરે મધ્યે, બ્હાર્ય શુદ્ધિ ચુને બને,
જેની પોષધશાળામાં વસે છે યતિઓ પ્રભુ
જે સદાદાર વોણાતો, સંભવે કયાંથી આત્મભૂ[1].

(કીર્તિકૌમુદી સ-૪-૩૬-૩૭)

ખંભાતમાં ઘણા પ્રાચીન સમયથી જૈનધર્મ ચાલતો આવ્યો છે; એટલે જૈનધર્મના આચાર્યો, યતિઓ, આવતા ને ચાતુર્માસ રહેતા; તેમને રહેવા માટે જે જે સ્થાનો બંધાવેલાં તેમને પોષધ-શાળા–ઉપાશ્રયો કહેવામાં આવે છે.

ખંભાતમાં કલિકાળસર્વજ્ઞ શ્રી હેમાચાર્યને દીક્ષા આપવામાં આવી. વિ. સં. ૧૧૫૪માં માઘ મહિનાની સુદ ૧૪ને શનિવાર શ્રી દેવચંદ્રસૂરિએ તેમને દીક્ષા આપી. એટલે એ પહેલાં ખંભાતમાં જૈન સાધુઓને રહેવા માટેના ઉપાશ્રયો હશે. વસ્તુપાલે ખંભાતમાં પોશાળ કરાવ્યાનો ઉલ્લેખ છે અને ત્યાર પછીના સમયમાં પણ ગૃહસ્થોએ જુદા જુદા ગચ્છના સાધુઓ માટે ઉપાશ્રયો બંધાવ્યા છે.

સત્તરમા સૈકામાં કેટલા ઉપાશ્રયો હતા તેની ગણતરી તે સમયના જૈન કવિ ઋષભદાસે પોતાના હીરવિજયસૂરિરાસમાં જણાવ્યું છે.

પંચાસો જિનના પ્રાસાદ,
ધ્વજતોરણ તિહાં ઘંટાનાદ
પિસ્તાલીસ જિહાં પોષધશાલ,
કરઈ વખાણ મુનિવાચાલ

વળી તેજભરત બાહુબલિરાસમાં કહે છે કે–

નહિ કોઈને વિષવાદ, પંચ્યાસી જિનપ્રાસાદ,
મોટી પોષધશાલ, સંખ્યા તેની બેંતાલ.
(ભરત બાહુબલિરાસ)

ઉપરના વર્ણનમાં જણાવ્યું છે કે ૮૫ જિન-મંદિરો હતાં અને ૪૨–૪૫ ઉપાશ્રયો (પોષધશાળા) હતા.

વર્તમાનકાળમાં ૧૦ ઉપાશ્રય છે; તેમાં ૯ ખંભાતમાં છે, તે જુદા જુદા ગચ્છના છે. ૧ આગમ ગચ્છનો; ૨ પાસ્તર, ૨ દેવસુર, ૧ સાગર, ૧ ખરતર, ૧ અણસુર, ૧ લોઢીપોષાલ.

૧. ટેકરી આગળ નાની ધર્મશાળા કે જેમાં એક બાજુ જ્ઞાનભંડાર અને બાકીના ભાગમાં સાધુઓ ઊતરે છે.

૨. **ગુલાબવિજયનો ઉપાશ્રય** — નાગર-વાડામાં ગુલાબવિજયના ઉપાશ્રય તરીકે ઓળખાય છે.

૩. **અંચલગચ્છનો ઉપાશ્રય**—નાગરવાડામાં અંચલગચ્છના ઉપાશ્રય તરીકે ઓળખાતું બે માળનું મકાન છે. જેમાં નીચેના ભાગમાં વર્ધમાન આયં-બિલ તપનું ખાતું પૂર્વે હતું.

૪. **કન્યાશાળા ઉપાશ્રય** — માણેકચોકમાં ગુજરાતી કન્યાશાળા આગળ આવેલો સાધ્વીજીના ઉતારા માટેનો ઉપાશ્રય છે.

---

૧. કીર્તિકૌમુદી (ભા.) પૃ. ૪૪. જયાં પોષો નામની ધ્યાનની ક્રિયા થાય છે તે સ્થાન. જેમાં જૈનોની ક્રિયામાં સર્વત્યાગ કરીને સ્થિર આસને એક ચિત્તથી ધ્યાન કરાય છે.

૫. પાયચંદ ગચ્છનો ઉપાશ્રય — માણેક-ચોકથી ખોળપીપળા તરફ જતાં નાની ખડકીમાં આવેલો છે.

૬. માણેકચોક ઉપાશ્રય — માણેકચોકથી અલીંગ તરફ જતાં જમણા હાથ તરફ જતાં એક ઉપાશ્રય આવે છે. જે એકદમ નવો કરાવવામાં આવ્યો છે. જેનું ઉદ્‌ઘાટન સમારંભ તા. ૧૭–૮ ૬૦ના રોજ કરવામાં આવ્યું હતું. તે વીશા ઓશ-વાલ જૈન તપગચ્છ સંઘનો છે.

૭. સાગરગચ્છ ઉપાશ્રય—સાગોટા પાડામાં શ્રીમાળી જ્ઞાતિનું વાડીનું મકાન.

૮. લાડવાડાનો ઉપાશ્રય—લાડવાડામાં નવો બંધાવેલો ઉપાશ્રય છે.

૯. શ્રી તપગચ્છ અમર જૈન શાળા

ટેકરી ઉપર આવેલ આ 'જૈનશાળા'ના નામથી ઓળખાતો ઉપાશ્રય વિ. સં. ૧૯૩૬માં અસ્તિત્વમાં આવ્યો. સ્વ. પુણ્યાત્મા શેઠશ્રી અમરચંદ પ્રેમચંદના કુટુંબીજનોનો સૌથી મોટો ફાળો છે. આખું કુટુંબ ધર્મનિષ્ઠા માટે સારાય હિન્દમાં મશહૂર છે. આ મકાનનો પુનરોદ્ધાર વિ. સં. ૨૦૧૯ના શ્રાવણ સુદ ૧૦ ને બુધવારના મંગળ પ્રભાતે તે કુટુંબના શેઠ શ્રી બાબુભાઈ છગનલાલના હાથે પ્રારંભ થયો, અને વિ. સં. ૨૦૨૨ના વૈશાખ સુદ ૮ ને ગુરુવાર તા. ૨૮–૪–૧૯૬૬ના રોજ તે જ કુટુંબના શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈના હાથે ઉદ્‌ઘાટન થયું. આ પ્રસંગે શ્રી વિજયપ્રેમસૂરિ મહારાજ પધાર્યા હતા. આ ઉપાશ્રયમાં ઘણા સાધુઓ રહી શકે છે. નિત્ય વ્યાખ્યાનો, ધર્મક્રિયાઓ, ગહ્ંરચનાઓ વગેરે થાય છે. ખંભાતના જૈન સમાજના ગૌરવરૂપ આ ઉપાશ્રય છે.

૧૦. ધર્મશાળા : ખોળપીપળા આગળ સંઘની ધર્મશાળા છે. નજીકમાં પાયચંદગચ્છના સાધુઓનો ઉપાશ્રય છે. વળી ખૂણામાં નાનો ઉપાશ્રય છે.

૧૧. જીરાળાપાડામાં : નવી પાઠશાળા છે. જેમાં ઉપરના માળે સાધુઓને રહેવાની સગવડ છે. આમાં એક ભોંયરું છે.

૧૨. ઓશવાળની વાડી : દાદાસાહેબની ખડ-કીમાં ઓશવાળ જ્ઞાતિની વાડી છે.

૧૩. શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળા : બજારના ચિન્તામણી પાર્શ્વનાથ જિનાલય પાસે આ ધર્મશાળા આવેલી છે. ઉપલે મજલે આચાર્ય મહારાજો ઊતરે છે. નીચે યાત્રાળુઓ ઉતરી શકે છે. ત્યાં વાસણ, ગોદડાં વગેરેની સગવડ છે. ત્યાં એક પુસ્તકાલય છે.

૧૪. જૈન પોરવાડ જ્ઞાતિની વાડી : આળીપાડે પોરવાડ જ્ઞાતિની વાડી છે.

૧૫. સ્થાનકવાસીનો ઉપાશ્રય : સંઘવીની પોળમાં છે. ત્યાં સ્થાનકવાસી સાધુઓ ઊતરે છે.

૧૬. સ્થાનકવાસીનો ઉપાશ્રય : માંડવીની પોળે છે. ત્યાં સાધ્વીજીઓ ઊતરે છે.

૧૭. સ્થાનકવાસી જૈનોની વાડી : ખોળપીપળે આવેલી છે. ત્યાં સ્થા. જૈન સંઘનાં વ્યાખ્યાનો, જમણ વગેરે થાય છે.

### ખંભાતમાં દિગંબર જૈન મંદિર :

વર્તમાનકાળમાં ખંભાતમાં એક જ દિગંબર જૈન મંદિર નાગરવાડથી સંઘવીની પોળમાં પેસતાં ડાબા હાથે પશ્ચિમાભિમુખનું આવેલું છે. દિગંબર જૈન મંદિરો વિશે શોધ કરતાં માહિતી મળે છે કે બસો વર્ષ ઉપર ખંભાતમાં ત્રણ મંદિરો હતાં. એક નાગરવાડામાં, બીજું શેરડીની પોળે અને ત્રીજું લાલાજીની પોળમાં હતું. આ ધર્મપાળનારની સંખ્યા ત્રણસો ઘરની હતી. અને તે મોટે ભાગે દસ મેવાડા વાણિયા હતા. કન્યાઓની અછતને કારણે વસતી ઓછી થઈ ગઈ; વળી કેટલાક બીજા ધર્મમાં દાખલ થયા. પાદરા, વડોદરા, સુરત, અમદાવાદ, મુંબઈ, કાણીસા, સાયમા વગેરે સ્થળે